જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૪/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** સમાચાર યાદી નં.૭૩૨/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૬૭ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** સમાચાર યાદી નં.૭૩૩/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશઃ-** સમાચાર યાદી નં.૭૩૪/૧૫

સરખેજઃ ફજલમહેમુદ મનોજાન શેખ (ઉ.વ.૫૦) (રહે. પઠાણની ચાલી અસારવા પુલ નીચે ઇદગાહ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૪/૧૫ કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે ડસ્ટર ગાડીમાં બેસી સરખેજ અલબુર્જ ટાવર સામે હતીમ ફલેટ પાસે મકરબા ગયા હતા ત્યારે આરોપી (૧) આલમ પઠાણ અને (૨) અલતાફ પઠાણ (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) એ ફજલમહેમુદ મનોજાન શેખની બહેન ફરીદાબાનુ સાથે પ્લોટ બાબતે અગાઉ ઝઘડો થયેલ જેની અદાવત રાખી આરોપીઓ સફેદ કલરના ટુ વ્હીલર ઉપર આવી ડસ્ટર ગાડીની બાજુમા આવી જાનથી મારી નાખવાના ઇરાદે ફાયરિંગ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** સમાચાર યાદી નં.૭૩૫/૧૫

ગોમતીપુરઃ શાહમહમદ મહમદરફીક અંસારી (ઉ.વ.૪૧) (રહે. નુરભાઇ ધોબીની ચાલી આમ્રપાલી સિનેમા પાસે ગોમતીપુર) તા.૧૪/૪/૧૫ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે ગોમતીપુર કુવારા પાસે બેંક ઓફ યુનિયનના એ.ટી.એમમાં પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એક અજાણ્યા પુરૂષે શાહમહમદ અંસારીને વિશ્વાસમા લઇ તેમના એટીએમ કાર્ડ ધ્વારા ખાતા માંથી રૂપિયા ૧૫,૦૦૦/- ઉપાડી લીધા હતા. આ અંગેની ફરીયાદ શાહમહમદ અંસારીએ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.પઢીયાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

અપહરણઃ- સમાચાર યાદી નં.૭૩૬/૧૫

ઓઢવઃ હર્ષાબહેન ભોગીલાલ પટેલ (ઉ.વ.૧૬)(રહે.ચામુંડાનગર જીવનજ્યોત્ સોસાયટીની બાજુમાં ઓઢવ) ને તા.૭/૪/૧૫ બપોરના ૧/00 વાગ્યાના સુમારે આરોપી માનીલ વેલાજી ઠાકોર (રહે. નરોડા મુઠીયા રામદેવનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ હર્ષાબહેનની માતા ગીતાબહેન પટેલે તા.૧૪/૪/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી એસ બારીયા ચલાવે છે.

ઘરફોડ :- સમાચાર યાદી નં.૭૩૭/૧૫

રાણીપઃ કૈલાસ દુર્ગાભી પ્રજાપતિ (રહે.પુરૂષોત્તમનગરા ફ્લેટ પીંક્સીટી સામે રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૪/૧૫ રાતના ૧૧/૩૦ થી તા.૧૪/૪/૧૫ બપોરના ૩/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૨૨,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી એમ પનારીયા ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૭૩૮/૧૫

સેટેલાઈટઃ દિનેશભાઈ મોહનલાલ શાહ (રહે.આઝાદ સોસાયટી આંબાવાડી) એ તા.૧૪/૪/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧/૧૫ રાતના ૮/00 થી તા.૨૭/૧/૧૫ સવારના ૮/00 વાગ્યા દરમ્યાન આરોપી કુપાર્થ દિનેશભાઈ શાહ (રહે. ન્યુ દિલ્હી કેઝ-૧ બુધ્ધ વિક્ષર રીછલા મેટ્રો પાસે દિલ્હી) નજર ચુકવી પોતાના મકાનમાંથી સોનાની માળા,તુલસીનીમાળા સોનાની વિંટી,અને સોનાનો દોરો કુલ કિમત રૂપિયા ૯૨,000/- મતાની ચોરી કરી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે કે વાઘેલા ચલાવે છે.

વાહનચોરી :- સમાચાર યાદી નં.૬૩૯/૧૫

ગાયકવાડ હવેલી : ભરતકુમાર શાંતીલાલ જોષી (રહે.દરબારવાસ, સોસર ગામ, પો.ગામડી, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) એ તા.૧૪/૪/૧૫ સવારનાં ૭/૪૫ વાગ્યાના સુમારે જમાલપુર ફુલબજાર સામે, પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.યુ.૯૭૯૬ કિંમત રૂપિયા ૮૦,000/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ ભરતકુમાર જોષીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ગાયકવાડ હવેલી પોલીસ ચલાવે છે.

મણીનગરઃ રાજેશ વિનોદભાઈ કાપડા (રહે.હળદરવાસ કઠલાલ રોડ તાલુકો દહેગામ) એ તા.૪/૪/૧૫ બપોરના ૧/૪૫ વાગે મણીનગર કાંકરીયા અપ્સરા આરાધના સિનેમા સામે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.યુ.૦૭૫૦ કિંમત રૂપિયા ૫૦,000/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ રાજેશભાઈ કાપડાએ તા.૧૪/૪/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ તેજોત ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)